# રાજ્યમાં ૪ વિધાનસભામાં જ વિપક્ષી નેતાઓએ તેમની ટર્મ પુરી કરી છે

**સુખરામ રાઠવા ત્રીજા આદિવાસી આગેવાન છે જે વિપક્ષના નેતા બન્યા, અમરસિંહ ચૌધરી આદિવાસી આગેવાન એવા છે જેમણે ત્રણ વખત વિપક્ષનું નેતૃત્વ કર્યુ છે જે એક વિક્રમ છે : ચીમનભાઈ, માધવસિંહ, ભાઈલાલભાઈ પટેલ બે-બે વખત વિપક્ષના નેતા બન્યા હતા**

ગાંધીનગર, તા.૧

ગુજરાત વિધાનસભામાં સુખરામભાઈ રાઠવા ત્રીજા આદિવાસી સમાજનું નેતૃત્વ કરતા વિપક્ષી નેતા છે. ગુજરાત વિધાનસભાની તવારીખીમાં આદિવાસી સમાજનું નેતૃત્વ કરતા અમરસિંહ ચૌધરી એક માત્ર એવા નેતા છે જેમણે ત્રણ વખત વિપક્ષનું નેતા પદ અને રાજયના મુખ્યમંત્રી પદે હતા.

સ્વ.અમરસિંહ ચૌધરી પછી સ્વ. ચીમનભાઈ પટેલ, સ્વ. ભાઈલાલભાઈ પટેલ, સ્વ.માધવસિંહ સોલંકીએ બે-બે વખત વિપક્ષનું નેતા પદ સંભાળ્યું છે.

વિપક્ષનું નેતા પદ વિધાનસભાના પૂર્ણ કાર્યકાળ દરમિયાન એક જ નેતા રહ્યા હોય તેવી પ્રથમ, બીજી, છઠ્ઠી અને સાતમી વિધાનસભા જ છે. આ સિવાય વિધાનસભા એ એક કરતાં વધુ વિપક્ષી નેતા જોયા છે.

ગુજરાત વિધાનસભાની તવારીખીમાં જોઈએ તો ૩જી અને ૫મી વિધાનસભાનો કાર્યકાળ જે ૧૯૭૫થી ૧૯૮૦નો હતો તેમાં પણ વિપક્ષી નેતા બન્યા હતા. જેમાંથી સ્વ.માધવસિંહ સોલંકી બે વખત અને સ્વ બાબુભાઈ જ. પટેલ વિપક્ષી નેતા બન્યા હતા.

રાજવી પરિવારમાંશ્રી જયદિપસિંહજી એ એક માત્ર વિપક્ષી નેતા ૧૯૬૮થી ૧૯૭૦ ત્રીજી વિધાનસભાના કાર્યકાળમાં બન્યા હતા. આ પૂર્વે ભાઈલાલભાઈ પટેલ અને ત્યારબાદ કાન્તિલાલ ધીમા વિપક્ષી નેતા બન્યા હતા.

વિપક્ષના નેતા તરીકે સૌથી ઓછો સમય કચ્છના સુરેશચંદ્ર મહેતા રહ્યા છે. જેઓ માત્ર ૮ દિવસ માટે વિપક્ષના નેતા બન્યા હતા તો ૧૯૭૧માં સ્વ. ચીમભાઈ પટેલ ૧૬ દિવસ માટે વિપક્ષના નેતા બન્યા હતા.

કોંગ્રેસ પક્ષે ૧૭, સ્વતંત્ર પક્ષે ૩ ભાજપે બે તો જનતાપાર્ટી અને જનતા પક્ષે એક એક વિપક્ષી નેતા આપ્યા છે.

વિપક્ષના નેતા અને મુખ્યમંત્રી રહ્યા હોય તેવા નેતાઓમાં ચીમનભાઈ પટેલ, માધવસિંહ સોલંકી, બાબુભાઈ પટેલ, કેશુભાઈ પટેલ, અમરસિંહ ચૌધરી, સુરેશભાઈ મહેતા અને શંકરસિંહ વાઘેલાનો સમાવેશ થાય છે.

સૌથી યુવા વિપક્ષી નેતા તરીકે નરેશ રાવલ અને શકિતસિંહ ગોહિલ રહ્યા છે.

## ગુજરાતે રાષ્ટ્રપતિ શાસન પાંચ વાર જોયું છે

ગુજરાતમાં ૧૩-૫-૭૧થી ૧૭-૩-૭૨ દરમિયાન પ્રથમવાર રાષ્ટ્રપતિ શાસન, ૯-૩-૭૪ થી ૧૮-૬-૭૫ દરમિયાન બીજીવાર, ૧૨-૩-૭૬ થી ૨૪-૧૨-૭૬ દરમિયાન ત્રીજીવાર તેમજ ૧૭-૨-૮૦ થી ૬-૬-૮૦ ચોથી વાર અને ૧૯-૯-૯૬ થી ૨૩-૧૦-૯૬ દરમિયાન પાંચમીવાર રાજકીય અસ્થિરતાને લઈ રાષ્ટ્રપતિ શાસન આવ્યું હતું.

બેવાર રાજયના રાજયપાલશ્રીના સલાહકાર તરીકે એચ.સી. સરીન અને કે.ટી. તારાવાલાએ સેવાઓ આપી અનોખી લોકચાહના પણ મેળવી હતી.

# આજથી વિધાનસભાનું અંદાજપત્ર સત્ર

## ગૃહને રાજયપાલશ્રી સંબોધશે : શોકદર્શક ઉલ્લેખો પછી ગૃહની કાર્યવાહી મુલ્તવી રહેશે

ગાંધીનગર, તા.૧

ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સત્ર આજથી શરૂ થશે. બપોરે ૧૨ વાગ્યે રાજયપલશ્રીના પ્રવચનથી આ સત્રનો આરંભ થશે.

રાજયમાં નેતૃત્વ પરિવર્તન પછી વિધાનસભાનું આ પ્રથમ સત્ર મળી રહ્યું છે. વિધાનસભા ગૃહને સંબોધન કરવા માટે રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી બપોરે ૧૨ વાગે આવી પહોંચશે જયાં વિધાનસભા અધ્યક્ષ શ્રીમતી નીમાબેન આચાર્ય અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આવકારી અને તેમને-ગૃહમાં દોરી લાવશે.

રાજયપાલશ્રી ગૃહના સંબોધનમાં આરોગ્ય વિભાગ તેમજ માર્ગ મકાન વિભાગની કાર્યવાહી બિરદાવશે અને શિક્ષણ વિભાગે હાથ ધરેલ સ્ટુલ ઓફ એકસલન્સ પ્રોજેકટસ, ગરીબ કલ્યાણમેળા થકી છેવાડાના માનવી સુધી પહોંચવાના સરકારના અભિગમની પ્રશંસા કરશે તેમ મનાઈ રહ્યું છે.

રાજયપાલશ્રીના સંબોધન બાદ ગૃહની કાર્યવાહી ૧૫ મિનિટ સુધી મુલ્તવી રહેશે.

આ પછી વંદેમાતરમના ગાન બાદ ગૃહની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વિધાનસભાના આ અંદાજપત્ર સત્ર દરમિયાન સરકારે વધુ વિધયેકો લાવવાનું ટાળ્યું છે. જો કે નાણાંકીય બિલો ઉપરાંત બે થી ત્રણ વિધયેકો રજુ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

પ્રથમ દિવસે રાજયપાલશ્રીના પ્રવચન બદલ આભાર પ્રસ્તાવ રજુ કરવામાં આવશે. આ પછી ગૃહના અવસાન પામેલા સભ્યો અંગેના શોકદર્શક ઉલ્લેખો પસાર કરી ગૃહની કાર્યવાહી મુલ્તવી રાખવામાં આવશે.



### હોળીનું પર્વ નજીક આવતાં 'ડફલી' સાથે મારવાડી પરિવારોનું આગમન

હોળી આવી રે ઘેરૈયા હોળી આવી રે... રંગોત્સવ આમ તો સમગ્ર ભારતનો લોકપ્રિય ઉત્સવ છે પરંતુ રાજસ્થાનીઓમાં તેનું અનેરું મહત્વ છે. હોળી જેમ જેમ નજીક આવતું જાય છે તેમ તેમ રાજસ્થાની બજાણીયા તેમની 'ડફલી' અને મંજીરાના ખાસ તાલ સાથે પાટનગરના બજારોમાં 'ગોટ' ઉઘરાવતા નજરે ચઢે છે જેનું શહેરીજનોમાં વિશેષ આકર્ષણ જોવા મળે છે.

## શહેરમાં કોરોનાના નવા ૩ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ત્રણ નવા કેસ નોંધાયા છે જયારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ નવો કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલ ૩ કેસમાં બે દર્દી ૬૦ કે તેથી વધુ વય ધરાવે છે. આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર શહેરમાં આજે સે-૨, સે-૨૬ અને કુડાસણમાં એક એક કેસ નોંધાયો છે. આજે શહેરમાં ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ ૯૪ ટકાએ પહોંચ્યો હોવાનો તંત્ર એ દાવો કર્યો છે.

ગાંધીનગર શહેરમાં હાલ ૫૫ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તેના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા જણાવવામાં આવ્યું છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. ૩ દર્દીઓ રિવકર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

# ૧૧ અને ૧૨ માર્ચના રોજ વડાપ્રધાન મોદી ગુજરાત આવશે

ગાંધીનગર, તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૧૧ અને ૧૨ માર્ચના રોજ ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ સૂચિત પ્રવાસ કાર્યક્રમને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

વડાપ્રધાનમંક્ષ ૧૧મીએ પંચાયત મહાસભાને સંબોધશને. અમદાવાદમાં યોજાનાર મહાસભામાં પંચાયતના પદાધિકારીઓ તેમજ પંચાયતી રાજના આગેવાનોની મળનારી બેઠકને સંબોધશે. તેઓ ડિફેન્સ એક્સ્પોમાં પણ હાજરી આપશે.

૧૨મીએ સવારે તેઓ વાયબ્રન્ટ સમીટ ૧ અને ૨જી મે યોજવાની વિચારણાને લઈ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન નિહાળશે તેમજ મંત્રીમંડળના સભ્યો સાથે ખાસ બેઠક યોજી લોકાભિમુખ વહીવટી પદ્ધતિ અંગે ખાસ માર્ગદર્શન આપશે. તેઓ ૧૨મી માર્ચના રોજ દાંડીકુચ કાર્યક્રમની ઉજવણીમાં પણ ભાગ લેશે.વડાપ્રધાનના બે દિવસના ભરચક કાર્યક્રમોને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

# શહેરમાં ધો.૧૦-૧૨ની પરીક્ષાનો માહોલ સર્જાયો

**વિદ્યાર્થીઓ ગળાડુબ તૈયારીમાં : ગત વર્ષે કોરોનાના લીધે બોર્ડ પરીક્ષા લેવામાં આવી ન હતી : જિલ્લામાંથી અંદાજિત ૪૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે : કોરોના કાળમાં મહદઅંશે ઓનલાઇન શિક્ષણ કાર્યરત રહ્યુ હતુ ત્યારે નબળા વિદ્યાર્થીઓ તરફ શિક્ષકોએ વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે**

ગાંધીનગર તા ૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૨૮ માર્ચથી બોર્ડના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવશે ધો -૧૦ અને ૧૨ માં જિલ્લામાંથી અંદાજિત ૪૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે જયારે બોર્ડ પરીક્ષા નજીકમાં આવતા વિદ્યાર્થીઓ આખરી તબક્કાની તૈયારીમાં ગળાડુબ બન્યા છે. કોરોના કાળમાં ગત વર્ષે બોર્ડ કસોટી યોજવામાં આવી ન હતી વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપી દેવાયુ હતુ જયારે બે વર્ષના લાંબા સમય બાદ બોર્ડ કસોટીનુ આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે જિલ્લા શિક્ષણ તંત્રએ પણ હવે પરીક્ષાના આડે થોડા દિવસો જ રહેતા જરૂરી તૈયારી શરૂ કરી દીધી છે. વર્ષ દરમિયાન કોવિડના કહેર વચ્ચે શાળાઓ પણ મોટાભાગે ઓનલાઈન શિક્ષણના સહારે કાર્યરત રહી હતી ત્યારે પરીક્ષાનુ કાઉન્ટ ડાઉન શરૂ થતા શાળા શિક્ષકો વિદ્યાર્થીઓની મુંઝવણ અને મુશ્કેલી દુર કરવા ખાસ વર્ગો પણ લઈ રહ્યા છે.

કોરોના કાળમાં ગત વર્ષે ધો -૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને બોર્ડ કસોટી વિના જ માસ પ્રમોશન આપી દેવાયુ હતુ. કોરોનાની ઘાતક બીજી લહેરના સંક્રમણ વચ્ચે સમાજ જીવનમાં પણ ભારે ભયનો માહોલ પ્રવર્તયો હતો. જયારે બોર્ડ પરીક્ષાના અરસામાં જ કોવિડનો કહેર વધતા આખરે પરીક્ષાની તારીખ જાહેર કરી દેવાયા બાદ શિક્ષણ વિભાગે પરીક્ષા બંધ રાખવાનો નિર્ણય લીધો હતો. જેના લીધે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ હાંશકારો પ્રવર્તયો હતો. જો કે બોર્ડ પરીક્ષા હરહાલમાં યોજાવી જોઈએ તેવો મત પણ તે સમયે ઉઠવા પામ્યો હતો ખેર આખરે જે રીતે બીજી લહેર ઘાતક બની તે જોતા બોર્ડની પરીક્ષાનુ આયોજન પડતુ મુકાયુ હતુ તે જ વિદ્યાર્થીઓના હીતમાં હતુ તે સમય જતા સ્પષ્ટ થઈ ગયુ હતુ. જયારે ગત વર્ષે માસ પ્રમોશનના અંતે આ વર્ષે આગામી તા ૨૮ માર્ચથી બોર્ડની પરીક્ષા શરૂ થવાની છે. ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાના આડે હવે માત્ર ગણતરીના દિવસો

● અનુસંધાન પાન-૭ પર

## મનપામાં પર્યાવરણનો હવાલો ધરાવતા મહિલા અધિકારી સસ્પેન્ડ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મહાનગરપાલિકામાં પર્યાવરણ મેનેજર તરીકે ફરજો બજાવતા પાયલબેન શાહને ફરજ મોકુફી હેઠળ મુકવાનો નિર્ણય લઈ હુકમની બજવણી કરી દેવામાં આવી છે.

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સહિતની કામગીરીમાં બેદરકારી દાખવવા બદલ પાયલબેનને ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવ્યા છે.

સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૨ આવી રહ્યું છે ત્યારે મનપા હવે આ બાબતે વધુ સક્રિય બન્યું છે અને સફાઈની એક માત્ર સેવાના સઘન અમલીકરણ માટેની તૈયારીઓ આરંભી દીધી છે.

મનપાએ ડોર ટુ ડોર કલેકશનમાં પોંઈટ ઓફ ઈન્ટ્રેસ્ટની સંખ્યામાં વધારો કર્યો છે એટલું જ નહિ હવે શહેરમાં સેગ્રીગેશન થઈ મળેલા કચરાના ઝડપી નિકાલ માટે પણ તેનું ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

# આવાસોના અનઅધિકૃત કબજેદારોના પગાર અગર પેન્શનમાંથી સીધી ભાડાની વસુલાત

## ઇવીકશન કોર્ટના આદેશ બાદ ૨૫ કિસ્સામાં સીધુ ભાડુ વસુલવા આદેશ કરાયો : આવાસોમાં અનઅધિકૃત કબજો ધરાવતા અધિકારીઓ કર્મચારીઓમાં ફફડાટ

ગાંધીનગર તા ૧

શહેરના સરકારી આવાસોમાં અનઅધિકૃત કબજેદારોનો કકળાટ લાંબા સમયથી આમ નાગરિકો માટે રોષનુ કારણ બન્યો છે. એકબાજુ શહેરમાં રહેણાંકને લાયક આવાસો નથી ત્યારે બીજીતરફ અનઅધિકૃત કબજેદારો મકાન ખાલી ન કરતા તંત્ર માટે મોટો શિરદર્દ ઉભો થયો છે. આવા સંજોગોમાં ઈવીકશન કોર્ટે આવાસ ખાલી ન કરતા હોય તેવા અનઅધિકૃત કબજેદારોના ૨૫ કીસ્સામાં પગાર કે પેન્શનમાંથી સીધુ ભાડુ વસુલી લેવા માટે આદેશ કર્યો છે જેના લીધે હવે અનઅધિકૃત કબજેદારોમાં રોષ પ્રવર્તયો છે.

શહેરમાં સરકારી આવાસોમાં અનઅધિકૃત કબજો જમાવતા કર્મચારીઓમાં હવે ફફડાટ પ્રવર્તયો છે. આ મામલે ઈવિકશન કોર્ટે આદેશ કર્યો છે . બદલી અને નિવૃતિ બાદ પણ આવાસ ખાલી નહીં કરનારા સરકારી કર્મચારીઓ સામે પાટનગર યોજના વિભાગ દ્વારા ઈવિકશન કોર્ટમાં કેસ દાખલ કરવામા આવે છે. પરંતુ આવા કિસ્સામાં ગેરકબજેદાર કોર્ટ કેસના મામલાને ગંભીરતાથી લેતા નથી કોર્ટ કેસ કરવો હોય તો કરો તેમ સુનાવી દેતા તંત્ર પણ દંગ રહી જાય છે. જયારે હવે ઈવિકશન કોર્ટે આ પ્રકારના ૨૫ કીસ્સામાં સરકારી આવાસનો અનઅધિકૃત કબજો ધરાવતા હોય તેમાં પેન્શન અગર પગારની રકમમાંથી ભાડાની વસુલાત કરવામાં આવશે આ મામલે કોર્ટે પણ આદેશ કરી દીધો છે. કર્મચારીઓમાં પણ આ મુદ્દો ચર્ચાસ્થાને છે. આ મામલે પાટનગર યોજના વિભાગના સુત્રોના જણાંવ્યા મુજબ ઈવિકશન કોર્ટનો આ આદેશ અનઅધિકૃત કબજો ધરાવતા કર્મચારીઓ કે અધિકારીઓ માટે આંખ ઉઘાડનારો સાબિત થશે. મહત્તમ કીસ્સામાં વગદાર હોય તેવા કર્મચારીઓ દ્વારા બદલી થયા બાદ અગર નોકરીમાંથી નિવૃત થયા બાદ માર્ગ મકાન વિભાગ કક્ષાએથી મકાન ખાલી કરવા માટે અપાતી મુદતના અંતે પણ મકાન ખાલી કરતા નથી. જેના લીધે વિભાગના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓને આવાસ ફાળવવાનુ કામ મુશ્કેલ થતુ જાય છે.

જયારે તંત્રના ચોપડે રહેલી પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. અનઅધિકૃત આવાસો ખાલી કરાવવા માટે પ્રાથમિક તબક્કે સમજાવટથી કામ નિપટાવાનો પ્રયાસ કરવામાં આવે છે. ત્યારબાદ વિભાગ કક્ષાએથી નોટીસ પણ આપવામાં આવે છે. પરંતુ નોટીસની પણ ઐસી તૈસી કરી દેવામાં આવતા તંત્ર દ્વારા આવા કિસ્સામાં કોર્ટ કેસ દાખલ કરવામાં આવે છે. સરકારી કર્મચારીઓને ફાળવવામાં આવેલા આવાસમાં ગેરકાયદેસર કબજો ધરાવતા પરિવારો યેનકેન પ્રકારે આવાસ ખાલી કરતા નથી. જેના લીધે હવે ઈવીક્શન કાર્ટે પણ આ મામલે કડક પગલા લેવાય તે દીશામાં આદેશ કર્યો છે. જેના લીધે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી દાખલ કરવામાં આવેલા કેસ પૈકી ૨૫ કીસ્સામાં અનઅધિકૃત કબજો ધરાવનારના પગાર અગર પેન્શનમાંથી સીધી રીતે જ સરકારી આવાસના ભાડાની વસુલાત કરવામાં આવે તેવા આદેશ પણ કરી દેવાયા છે. જેથી હવે સરકારી આવાસો ખાલી કરવામાં ઉદાસીનતા દાખવી તંત્રની મહેનત વધારતા કબજેદારો પર રોક આવશે. અત્યાર સુધી લાંબા સમયથી આ મામલે કોઈ નક્કર નિર્ણય ન લેવાતા તંત્ર માટે પણ આવાસો ખાલી કરાવાની પ્રક્રીયા જટીલ અને શિરદર્દ સમાન બની છે જો કે આ નિર્ણયના અંતે હવે સરકારી આવાસોમાં અનઅધિકૃત કબજેદારોની સંખ્યા ઘટશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

## રાજ્યમાં કોરોનાના નવા ૧૬૨ કેસ

ગાંધીનગર,તા.૧

રાજ્યમાં આજે કોરોનાના નવા ૧૬૨ કેસ સામે આવ્યા હતા. તો બીજી તરફ ૩૩ દર્દીઓ રિકવર પણ થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૦,૨૧૧ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાથી સાજા થવાનો દર પણ સુધરીને ૯૮.૯૭ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે રસીના કુલ ૩૧,૫૫૨ ડોઝ આપવામાં આવ્યા હતા. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૧૬૪૭ એક્ટિવ કેસ છે. જે પૈકી ૧૬ નાગરિકો વેન્ટીલેટર પર છે. જ્યારે ૧૬૩૧ નાગરિકો સ્ટેબલ છે. ૧૨,૧૦,૨૧૧ નાગરિકો સ્ટેબલ થઈ ચુક્યાં છે. ૧૦૯૩૨ નાગરિકોનાં અત્યાર સુધીમાં મોત થઈ ચુક્યાં છે. આજે કોરોનાને કારણે કુલ ૨ મોત નિપજ્યાં છે. જેમાં એક મોત વડોદરા કોર્પોરેશન જ્યારે એક મોત વડોદરામાં થયું છે. રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૯ ને પ્રથમ અને ૧૮ ને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૫૩૬ ને પ્રથમ જ્યારે ૧૯૯૭ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com